૭.	ફરીયાદપક્ષના કેસની હકીકતો ધ્યાને લીધી. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂઘ્ધ ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ છે.

૮.	ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે પુરા પાડવામાં આવેલ અને તેઓની પ્લી આંક–––– થી નોંધતા તેઓએ સ્વૈચ્છિક રીતે અને રાજીખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે. આ અંગે આંક–––– થી કબુલાત પુરસસ પણ રજુ કરેલ છે. અને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પુરતા અને વ્યાજબી કારણો હોવાનું જણાવે છે. આરોપીને જણાવતાં કે તમો ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુન્હો કબુલ કરતાં હોય, કબુલાત પુરસીસ પણ રજુ કરે છે.

૯.	આરોપી સામે બોમ્બે પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની <u>કલમ–૬૬(૧) (બી)</u> નું તહોમત છે. આરોપીની મૌખિક રજુઆત તેમજ કબુલાત પુરસીસ વંચાણે લેતા, આરોપી નાની ઉંમરમાં ગરીબ અને મઘ્યમ વર્ગના માણસ જણાય છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. બાળ બચ્ચવાળા માણસ છે તેમજ ગરીબીને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે. તેઓ જણાવે છે કે તેઓ સામે આ પ્રથમ ગુન્હો છે તેમજ ભવિષ્યમાં બીજો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. આમ, આરોપીએ તેઓને ઓછી સજા અને દંડ કરવા અરજ કરેલ છે. આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હો તેમજ તેઓની રજુઆત ઘ્યાને લેતા, તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત જણાય છે.

૧૦.	નામદાર ગુજરાત વડી અદાલતે સરકાર વિરૂઘ્ધ નટવર હીરાચન્દજી ઠાકોર,૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ ના કેસમાં એવો સિઘ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે જો પુરતાં અને વ્યાજબી કારણો હોય તો કેસની હકીકતોને ઘ્યાને લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા તેમજ દંડ કરવાની સતા છે. સદરહુ ચુકાદાના ફકરા–૨૧ માં જણાવેલ કારણો ઘ્યાને લેતાં સંજોગોજે ઘ્યાને લઈને તેમજ કાયદાની કલમ ...... માં જણાવેલ સજાની જોગવાઈઓ ઘ્યાને લઈને, અત્રેની અદાલતને આરોપીને ન્યુનતમ સજા કરવી યોગ્ય અને ન્યાયોચિત જણાય છે. આથી, આરોપીને તેમજ વિદ્વાન એપીપીશ્રીને સજા અંગે સાંભળ્યા બાદ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૫૨ અન્વયે પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ–<u>કલમ–૬૬(૧) (બી)</u> મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી, કોર્ટ ઉઠતાં સુધીની સજા તેમજ રૂા. ૧૦૦/–(કુલ રૂપીયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દરેક ગુન્હાના દંડ બદલ દિન–૩ લેખે સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જાત મુચરકા અને જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નિકાલ કરવો.

આજ **<u>તા. ૨૨, માહે:એપ્રિલ, સન:૨૦૧૮</u>** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.અમદાવાદ.
તા. ૨૨/૦૪/૨૦૧૮

(અભિષેક સાહુ)
UIC NO.GJ 01429
૮ માં એડી.જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.